# માવઠાને માયા લાગી માણસની

ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા



માવઠાને હવે માણસની માયા લાગી છે. તેને માણસ વગર સોરવતું (ગમતું) નથી, એટલે તે ગમે ત્યારે માણસોને મળવા માણાવદર, માણસા કે માંગરોળ આવી ચડે છે. માવઠું આવતા પહેલા માણસને ફોન કરતું નથી, એટલે અંબાલાલે આગાહીઓ કરવી પડે છે. વરસાદના બૂંદોની કુલ સંખ્યા કરતા પણ વરસાદ વિશેની કવિતાઓ વધુ લખાઇ ચૂકી છે. કવિતા, ગઝલના માવઠા બારેમાસ ચાલુ છે પણ 'માવઠાની કવિતા' ક્યાંય જોવા મળતી નથી. માવઠું એટલે 'કમોસમી વરસાદ' કહેવા, પણ અમુક કવિતાઓ ગઝલો તો કાયમી ધોરણે કમોસમી જ લાગે. જેમ આપણે વરસાદમાં ભીંજાયેલો ઝભ્ભો નિચોવીએ એમ કવિઓ શ્રાવણ મહિનામાં હૃદય નિચોવીને કવિતાઓ રચે છે, પણ એ કવિતા બહુ ઓછાને પચે છે. આવી કવિતા વાંચીએ તો માવઠા જેવી લાગે. આમ, વરસાદી માવઠું તો ક્યારેક થાય પણ કવિતાનું માવઠું તો બારેમાસ ચાલુ હોય.(હાસ્યલેખનમાં પણ લગભગ આવી જ સ્થિતી છે. અપવાદરૂપે કેટલીક સારી કવિતાઓ, સારા હાસ્યલેખો પણ મળે છે.)

મહાકવિ ઉમાશંકર લખે છે કે 'ભોમિયા વિનાના મારે ભમવા'તા ડુંગરા' એ મહાકવિની જેમ જ આજના કોઈ લઘુકવિ કહે છે કે 'માવઠાની મોજમાં મારે તળવાતા ભજીયા' ચોમાસામાં તો વરસાદના બે છાંટા પડે ત્યાં ઘણા ઘરોમાં ચૂલા પર ભજીયાના તાવડા ચડી જાય, પણ માવઠામાં તાવડા ચડતા નથી. બાકી ભજીયાની મોજ ચોમાસા કરતા ય માવઠામાં ઓર હોય. પણ લોકોએ ભજીયા જેવા ઉત્તમ વ્યંજનને ચોમાસા સાથે જોડી દીધુ છે. બાકી તો ખાનેવાલે કો ખાને કા બહાના ચાહિયે અને પીનેવાલે કો પીને કા બહાના ચાહિયે. જો કે ઘણા તો બહાના વગર પણ પીતા હોય છે. પછી જરૂર લાગે તો બહાનાનું ઘડતર કરે છે.

ચોમાસામાં શું ખાવું, પીવું તેની લોકોને જાણ હોય છે, પણ 'માવઠામાં શું ખાવું પીવું' તેનાથી લોકો એકદમ બેખબર હોય છે. એટલે માવઠામાં રીંગણાનો ઓળો ખાવો કે બરફ ગોળો!, બટેટાની સૂકીભાજી ખાવી કે પાઉંભાજી, શાક ખાવું કે પાક ખાવો, દાલપુરી ખાવી કે ઝાલમૂડી! (હવે તો બારેમાસ ઝાલમૂડી જ!) તે બાબતે લોકો મીઠી નહીં પણ કડવી મૂંઝવણ અનુભવે છે. આફતને અવસરમાં પલટાવે અને મૂંઝવણમાંથી માર્ગ કાઢે તે ગુજરાતી.( એક મૂંઝવણમાંથી માર્ગ કાઢીને બીજી મૂંઝવણ ઊભી કરે એ પણ ગુજરાતી!) એટલે જ માવઠું પણ કેટલાક લોકો માટે ખાવાપીવાનો ઉત્તમ સમય છે. કારણ કે માવઠાને કારણે ઉનાળામાં ય ઠંડક પ્રસરે છે. લોકો માવઠાની માઠી અસરોની વાતો કરતા કરતા પાંચસો ગ્રામ ભજીયા ક્યારે પેટમાં પધરાવી દે! ખબરે ય ન પડે. જો શિયાળામાં માવઠું થાય તો માવઠાનો બેવડો માર લાગે છે. ત્યારે 'બેવડો' બેચેન થઈ જાય છે આ સ્થિતિમાં બેવડા એ બેવડો ડોઝ લેવો પડે ત્યારે માંડ માંડ કીક લાગે. ડબલ ડોઝ પછી એવો ચડે કે બેવડો ચાલતા ચાલતા પડે. એક વાત નોંધવા જેવી ખરી કે કોરોનામાં ભાગ્યે જ કોઈ બેવડો મર્યો. ઘણાની ઘરવાળીઓ તો કાયમ પ્રાર્થના કરતી'તી કે મૂઓ.! છતાં બેવડા બચી ગયા 'ને તંદુરસ્ત ટપકી ગયા.

માવઠાના વરસાદમાં રસ્તામાં કોઈ યુવતી પલળતી ભીંજાતી જતી હોય ત્યારે હિન્દી ફિલ્મોના દ્રશ્યો યાદ આવે. જો કે ફિલ્મોમાં 'માવઠાની મહોબ્બત'ના સ્પેશ્યલ ગીતો જોવા મળતા નથી. જોકે ફિલ્મોવાળા હિરોઈન પર વરસાદ વરસાવે છે પણ એ સ્પષ્ટતા કરતા નથી કે આ વરસાદ શ્રાવણનો છે કે શિયાળાનો! મોન્સૂનનો છે કે માવઠાનો! જો કે હિરોઈન પલળવા માંડે પછી દર્શકો પણ એવી ઝંઝટમાં પડતા નથી. સરવાળે એ વરસાદ મહોબ્બતનો હોય છે. ફિલ્મી મહોબ્બતમાં ભીંજાવું જરૂરી છે. હિન્દી ફિલ્મોમાં 'બરસાત કી રાત'ની જેમ 'મહોબ્બત-એ-માવઠા' અને ગુજરાતી ફિલ્મોમાં 'માવઠાની મીઠી રાત' 'માવઠામાં ટહુક્યા મોર' 'માવઠામાં મળ્યો મનનો માણીગર' એવી કોઈ ફિલ્મો બની નથી. જો ફિલ્મોવાળા એક વાર માવઠાને પકડી લે તો માવઠું લોકહૃદયમાં બહુ ઊંચુ સ્થાન મેળવી શકે. પેલા સુપરસ્ટાર રજનીકાંતને લઈને 'માવઠા માસ્ટર' જેવી ફેન્ટાસ્ટિક ફિલ્મ બનાવવામાં આવે તો ચોમાસા કરતા માવઠાનું મહાત્મ્ય એટલીસ્ટ સાઉથમાં તો રાતોરાત વધી જાય અને ઋતુઓના નામ પણ બદલાઈ જાય તો પણ ના ન કહેવાય! અહિ તો હિન્દી, ગુજરાતી ફિલ્મોમાં ચોમાસાના દ્રશ્યો ઊભા કરી ઉપરથી શાવર ચાલુ કરી 10×10 સ્કવેર મીટર્સના એરિયામાં વરસાદ વરસાવી જેમ પેલો શાકભાજીવાળો લારી લઈને નીકળતા પહેલા લારીમાંના શાકભાજી પર પાણી છાંટીને પલાળે એમ હિરોઈનને પલાળીને પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવામાં આવે. આવા સમયે વરસાદી ગીત વહેતું મૂકવામાં આવે ત્યારે તે વરસાદ પણ આપણને માવઠું જ લાગે.

**માવઠામાં કફ શરદી, ન્યુમોનિયા થાય છે અને મહોબ્બત પણ થાય છે. એ મહોબ્બત પણ શરદીની જેમ ત્રણ દી' ટકે છે. જેમ ત્રણ દી' માં માવઠાના વાદળો વિખાઈ જાય એમ મહોબ્બત વિખાઈ જાય છે. હવે તો લગ્નજીવન પણ માવઠા જેવા થતા જાય છે. ત્રણ દી' માં વિખાઈ જાય**

કારણ કે વરસાદ હિરોઈનની આજુબાજુ જ વરસતો હોય. એમાં વરસાદ ખુદ પોતાનો એક છાંટોય વેડફવા માંગતો નથી. એને તો બસ હિરોઈનને પલાળવામાં જ રસ હોય. બાકી તો હીરો પલળીને લોચો થઈ જાય તો ય શું કાંદા કાઢવાના!

ચોમાસાનો વરસાદ એ ખેડૂતો માટે આનંદનો વરસાદ છે. પણ માવઠું એ માઠા સમાચાર છે. તે ચિંતાનો વિષય છે. તેમ છતાં આપણા ચિંતકો ચિંતામાંથી પણ ચિંતન પ્રગટ કરતા રહે છે. ચિંતકોની ભાષામાં કહીએ તો 'માવઠું જ્યારે એક મહોત્સવ બની જાય છે ત્યારે શિયાળામાં શ્રાવણની અને ઉનાળામાં આસોની અનુભૂતિ થાય છે.' આ વખતે લગભગ એવું જ થયું ઉનાળામાં જ જાણે કે શ્રાવણના સરવડા શરૂ થયા અને દાળવડા યાદ આવ્યા. પેલા ફિલ્મ ગીતમાં કહ્યું છે ને કે 'સાવન આયે યા ન આયે, જીયા જબ ઝૂમે સાવન હૈ.' પણ આ વખતે ઉનાળામાં સાવન આવ્યો પણ કોઈના જીયા ખાસ ઝૂમ્યા હોય એવું લાગ્યું નહીં. હા, માવઠામાં તાવ આવ્યો તો તેના જીયા થરથર કાપ્યા ખરા. આમ જીયા ભલે ઝૂમ્યા નહીં પણ જીયાને ભજીયા તો યાદ આવ્યા જ.

ફિલ્મોમાં તો મહોબ્બત થઈ જાય પછી એકાદ બે વાર વરસાદ આવે છે. એ કહયાગરો વરસાદ હોય છે. આખું ગીત પૂરું થાય ત્યાં સુધી વરસતો નથી. ધારો કે પાંચ-છ મિનિટનું ગીત હોય તો તેમાં સાડા ત્રણ મિનિટ વરસાદ આવે છે અને પછી છેલ્લી બે મિનિટમાં પલળેલી હિરોઈન અને હીરો જ્યાં વરસાદ વરસતો 'તો તેનાથી ફક્ત 'સોશિયલ ડિસ્ટન્સ' રાખીને તાપણા પાસે ઊભા હોય છે, પણ માવઠામાં મહોબ્બત થઈ જાય એવું ફિલ્મોમાં બતાવવામાં આવતું નથી. માવઠામાં મહોબ્બતના મેઘધનુષ કે આકાશી મેઘધનુષ બેમાંથી એકેય જોવા મળતા નથી. જો ગુજરાતી ફિલ્મોમાં માવઠામાં હીરો હિરોઈનને પ્રેમ કરાવવો હોય તો સાવ જુદા જ દ્રશ્યો કેમેરામાં કંડારવા પડે. જેમ કે માવઠાના માહોલમાં મંદ મંદ વરસતા વરસાદમાં વાગડના વગડામાં ચારો ચરવા ગયેલી હીરોઈનની ગૌરી ગાય(અથવા ભેંસ,જે અનુકૂળ આવે તે.) હજુ સુધી ખીલે પાછી ફરી નથી. તેના કારણે તે ભારતીય સંસ્કૃતિની હિરોઈન ગાયને ગોતવા નીકળી હોય. આ તકનો લાભ લઈને સ્વદેશી ગુંડાઓ તેની પાછળ પડે છે. ગુંડાઓથી બચવા હિરોઈન પલળતી, ભીંજાતી, નિતરતી, હાંફતી, દોડતી, કુદતી દૂર દૂર એક ઝૂંપડા પાસે પહોંચે છે અને એક ઝુંપડાના બારણા પાસે જ ઢળી પડે છે. આ ઝૂંપડામાં લગ્નોત્સુક ઉંમરલાયક હીરો કોરોધાકોડ બેઠો હોય છે.(હા, ગુજરાતી ફિલ્મોમાં હીરો ઉંમરલાયક જ હોય છે. કેટલીક જૂની હિન્દી ફિલ્મોમાં પણ!) અને તેના મનમાં કન્યાના વિચારોનું વાવેતર ચાલી રહ્યું હોય છે. ત્યાં જ કન્યા (હિરોઈન) આંગણામાં આવીને પડે છે. તેને થાય કે અરે, આ તો બગાસું ખાતા પતાસુ આવ્યું? ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ! હીરો સાથે તેની વિધવામાં પણ રહેતી હોય, અને તે પણ આવકના દાખલામાં વ્યવસાય 'ખેત મજૂરી' જ લખાવતી હોય છે.(પણ બેમાંથી એકેયને કોઈ જાતનું ખેતી કામ આવડતું હોય નહીં.) હીરો ગુંડાઓને રાબેતા મુજબ જરૂરી ઢીકકાપાટૂ કરીને ભગાડી મૂકે. વાતાવરણ શાંત થયા પછી જેમ ગામડામાં બરોબારના મકાનના ફળિયામાં સૂતેલા બાળકને ઘોરખોદું મધરાતે ચુપચાપ ઉપાડે એમ આંગણામાં પડેલી હિરોઈનને બે હાથે ઉપાડે અને ખાટલે સુવડાવી દે. હીરોની માતા તાપણું કરે અને કપડાના ગાભા ગોટાથી હીરોઈનને શેક કરે. થોડીવારમાં હિરોઈનની ઠંડી હટે અને ગરમી ચડે એટલે તેની આંખ ઉઘડે અને તેની પહેલી નજર ખાટલાની પાંગતે માઠા સમાચાર લઈને આવેલા મુસાફરની જેમ બેઠેલા હીરો પર પડે અને હિન્દી ફિલ્મોમાં જેમ માફકસર ગભરાઈને હિરોઇન બોલી ઊઠે કે "મૈં કહા હું!" એમ ગુજરાતીમાં બોલી ઊઠે કે. "હું ક્યાં છું?" અને પછી હીરો સાથે પહેલી નજરનો પ્રેમ થઈ જાય. અમારે અનુભવી મિત્ર કહે છે કે પહેલી નજરનો પ્રેમ અને 'પહેલી ધારનો દેશી'ની તોલે કોઈ ન આવે. તેની અસર આખી જિંદગી રહે. ત્યાર પછી ફિલ્મમાં સાવ જુદો વળાંક આવે છે. પછી માવઠું બંધ થઈ જાય પણ પહેલા માવઠે જ હીરો હિરોઈન વચ્ચે પાંગરેલો પ્રેમ ટાટા સ્ટીલ જેવો ટકાઉ નિવડે છે.

માવઠામાં કફ શરદી, ન્યુમોનિયા થાય છે અને મહોબ્બત પણ થાય છે. એ મહોબ્બત પણ શરદીની જેમ ત્રણ દી' ટકે છે. જેમ ત્રણ દી' માં માવઠાના વાદળો વિખાઈ જાય એમ મહોબ્બત વિખાઈ જાય છે. હવે તો લગ્નજીવન પણ માવઠા જેવા થતા જાય છે. ત્રણ દી' માં વિખાઈ જાય. વળી માવઠામાં મોર બોલતા નથી. તેમ છતાં મોર બોલે તો ઢેલ આવતી નથી, એટલે પછી મોરનેય થાય કે એકલા એકલા પીંછા ઊચા કરીને, ગળા તાણવાનો શો ફાયદો! લેવાદેવા વગરની સ્વરપેટી પતી જાય! એટલે તે પણ કળા કરવાનું માંડી વાળે છે, માટે માવઠામાં મોર ન બોલે!

## -:: ગરમાગરમ ::-

જો તમે સુંદર મજાના ફૂલોની પથારી પર સૂતા હશો તો તે તમારી પહેલી રાત (સુહાગ રાત) હશે. અને જો તમારા પર સુંદર ફૂલોની પથારી હશે તો તે તમારી 'છેલ્લી રાત' હશે. (રામ બોલો ભાઈ રામ!)